# બંગાળની ખાડીમાં નવી સિસ્ટમથી રાજ્યમાંફરીવરસાદીમાહોલનીઆશા

**16થી** 21 જુલાઈ રાજ્યભરમાં વરસાદની આગાહી

ગાંધીનગરઃ બંગાળની ખાડીમાં સર્જાયેલા નવા લો-પ્રેશર એરિયા અને ઉત્તર ગુજરાત પર સક્રિય અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે આગામી દિવસોમાં રાજ્યમાં વરસાદી માહોલ ફરી સક્રિય થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગે 16થી 21 જુલાઈ દરમિયાન ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના તમામ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજ સાથે છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે. સાથે જ 17થી 19 જુલાઈ દરમિયાન અરબી સમુદ્રમાં પવનની ગતિ વધવાની અને દરિયો તોફાની રહેવાની સંભાવના વ્યક્ત કરતાં માછીમારોને આ સમયગાળા દરમિયાન દરિયો ન ખેડવા તથા જરૂરી સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે. હવામાન વિભાગના અંદાજ મુજબ બંગાળની ખાડીમાં સર્જાયેલું લો-પ્રેશર એરિયા આગામી બે દિવસમાં વધુ મજબૂત બની 'વેલ માર્કડ લો-પ્રેશર'માં પરિવર્તિત થવાની શક્યતા છે, જેના કારણે ગુજરાતમાં ચોમાસું ફરી સક્રિય બનવાની આશા વ્યક્ત કરવામાં આવી છે. ઉત્તર ગુજરાત અને દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન ઉપર અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન યથાવત છે, જ્યારે 19 જુલાઈથી ઉત્તર-પશ્ચિમ ભારતમાં નવી પશ્ચિમ વિક્ષેપ સિસ્ટમ પણ સક્રિય થવાની શક્યતા છે. આ તમામ હવામાની પરિબળોના કારણે ગુજરાતમાં દક્ષિણ-પશ્ચિમના ભેજયુક્ત પવનો યથાવત રહેતા આગામી દિવસોમાં વરસાદની પ્રવૃત્તિમાં વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

### ક્યાં કેટલો સરેરાશ વરસાદ

ઝોનવાર વરસાદની સ્થિતિ પર નજર કરીએ તો દક્ષિણ ગુજરાતમાં અત્યાર સુધી સૌથી વધુ 535.27 મી.મી. એટલે કે મોસમી સરેરાશનો 34.71 ટકા વરસાદ નોંધાયો છે. ત્યારબાદ સૌરાષ્ટ્રમાં 210.54 મી.મી. (27.62 ટકા), પૂર્વ-મધ્ય ગુજરાતમાં 141.74 મી.મી. (17.31 ટકા) અને ઉત્તર ગુજરાતમાં 103.18 મી.મી. (14.13 ટકા) વરસાદ નોંધાયો છે. જ્યારે કચ્છમાં માત્ર 10.40 મી.મી. એટલે કે 2.08 ટકા વરસાદ નોંધાતા રાજ્યમાં સૌથી ઓછો વરસાદ આ વિસ્તારમાં નોંધાયો છે. જિલ્લાવાર આંકડાઓમાં ડાંગમાં 868 મી.મી., નવસારીમાં 819 મી.મી., વલસાડમાં 782 મી.મી., સુરતમાં 671 મી.મી., જૂનાગઢમાં 453 મી.મી., તાપીમાં 439 મી.મી. અને ગીર સોમનાથમાં 413 મી.મી. વરસાદ નોંધાયો છે. બીજી તરફ દેવભૂમિ દ્વારકામાં માત્ર 9 મી.મી., કચ્છમાં 11 મી.મી., બનાસકાંઠામાં 56 મી.મી., મોરબીમાં 61 મી.મી. અને જામનગરમાં 70 મી.મી. વરસાદ નોંધાતા આ જિલ્લાઓમાં હજુ પણ ચોમાસું નબળું રહ્યું છે.

# જન્મદિવસે પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જનસેવામાં જ વ્યસ્ત રહ્યા

**મુખ્યમંત્રીએ** મંત્રીમંડળની બેઠકથી લઈને ગિફ્ટ સિટીના પ્રોજેક્ટ્સની સ્થળ સમીક્ષા સુધી દિવસભર કામગીરી કરી

ગાંધીનગરઃ સીએમ ભૂપેન્દ્ર પટેલે આજે પોતાના 65મા જન્મદિવસની ઉજવણીને વ્યક્તિગત કાર્યક્રમો સુધી મર્યાદિત રાખવાને બદલે જનસેવા અને સરકારી કામગીરીને પ્રાથમિકતા આપી હતી. બુધવારે દિવસભર તેમણે રાજ્ય સરકારના વિવિધ વિભાગોની સમીક્ષા બેઠકો યોજી, ફ્લેગશીપ પ્રોજેક્ટોની પ્રગતિની સ્થળ મુલાકાત લીધી અને રાજ્યના વિકાસલક્ષી કામોને વધુ ગતિ આપવા અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્યમંત્રીએ દિવસની શરૂઆત રાજ્ય મંત્રીમંડળની બેઠકથી કરી હતી. ત્યારબાદ શહેરી વિકાસ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ સહિત રાજ્ય સરકારના વિવિધ વિભાગોની સર્વગ્રાહી કામગીરીની સમીક્ષા કરીને વિવિધ યોજનાઓના અમલીકરણ, જનસુવિધાઓના વિસ્તરણ અને વિકાસલક્ષી કાર્યક્રમોની પ્રગતિ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. વિભાગીય અધિકારીઓને સમયબદ્ધ અને પરિણામલક્ષી કામગીરી માટે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

દિવસ દરમિયાન મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ અને દેશના અગ્રણી નાણાકીય કેન્દ્ર તરીકે વિકસી રહેલી ગિફ્ટ સિટીની પણ મુલાકાત લીધી હતી.

જન્મદિવસના અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, વિવિધ રાજ્યોના રાજ્યપાલો, મુખ્યમંત્રીઓ, કેન્દ્રીય મંત્રીઓ, જનપ્રતિનિધિઓ અને સમાજજીવનના અગ્રણી આગેવાનોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ટેલિફોનિક શુભેચ્છાઓ પાઠવી હતી. રાજ્યના સર્વાંગી વિકાસ માટે તેમની આગેવાની સતત મળતી રહે તેવી શુભકામનાઓ પણ વ્યક્ત કરવામાં આવી હતી. પોતાના જન્મદિવસે પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકો પ્રત્યેની જવાબદારી ઉજાગર કરી હતી.

## ડીજીપી જ્ઞાનેન્દ્રસિંહ મલિકની પોલીસ ભવનમાં સરપ્રાઈઝ ચેકિંગ

ગાંધીનગરઃ રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે આજે બુધવારે ગાંધીનગર સ્થિત પોલીસ ભવનમાં વિવિધ સુવિધાઓની આકસ્મિક મુલાકાત લઈને વ્યવસ્થાઓનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. કેન્ટીનમાં ખાદ્યપદાર્થોની ગુણવત્તા, રસોડાની સ્વચ્છતા અને પીવાના પાણીની સુવિધાથી લઈને પોલીસ કર્મચારીઓ માટેના જીમ, કન્ઝ્યુમર સ્ટોર અને મહિલા પોલીસ કર્મચારીઓના બાળકો માટે કાર્યરત 'વાત્સલ્ય કક્ષ' સુધીની વ્યવસ્થાઓની તેમણે રૂબરૂ સમીક્ષા કરી હતી. મુલાકાત દરમિયાન ડીજીપીએ ગુણવત્તા અને સ્વચ્છતા જાળવી રાખવા માટે સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન સાથે કડક સૂચનો પણ આપ્યા હતા.

# ઓછા વરસાદવાળા વિસ્તારોમાં પશુઓ માટે ઘાસચારાનીવ્યવસ્થા જે તે જિલ્લાના કલેક્ટર કરશે

**જિલ્લા** કલેક્ટરોને સીધી સત્તા મળતાં ત્વરિત નિર્માણ લઈ શકાશેઃ નાયબ મુખ્યમંત્રી

ગાંધીનગરઃ રાજ્યમાં ઓછો વરસાદ નોંધાયેલા વિસ્તારોમાં પશુધનને ઘાસચારાની અછતનો સામનો ન કરવો પડે તે માટે રાજ્ય સરકારે મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવે આવા જિલ્લાઓમાં ગૌશાળા અને પાંજરાપોળમાં રહેલા પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા અંગેનો નિર્ણય જિલ્લા કલેક્ટર સીધો લઈ શકશે. અગાઉની મંજૂરી પ્રક્રિયામાં થતા વિલંબને ટાળીને જરૂરિયાત મુજબ તાત્કાલિક નિર્ણય લઈ શકાય તે માટે જિલ્લા કલેક્ટરોને સીધી સત્તા સોંપવામાં આવી છે.

કેબિનેટ બેઠક બાદ લેવાયેલા નિર્ણય અંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, હવે જિલ્લા કલેક્ટરોને સીધી સત્તા મળતાં સ્થાનિક પરિસ્થિતિ અને જરૂરિયાતના આધારે ઘાસચારાની ઉપલબ્ધિ માટે ત્વરિત નિર્ણય લઈ શકાશે. પરિણામે ગૌશાળા અને પાંજરાપોળમાં આશ્રય પામેલા પશુઓને સમયસર ઘાસચારો મળી રહેશે અને વહીવટી પ્રક્રિયામાં સમયનો વ્યય પણ અટકશે.

# અન્ના હઝારેની નકલ કરવા નીકળેલા સોનમ વાંગચુક જંતરમંતરમાં ભેરવાઈ ગયા છે



ગાંધીવાદી નેતા અન્ના હઝારેએ જન લોકપાલ બિલ લાવવા માટે દિલ્હીમાં જંતરમંતર ઉપર અનશન કર્યા ત્યારે તેમના સમર્થનમાં લાખો લોકો ઉમટ્યાં હતાં. દેશભરમાં અન્ના હઝારેના ભ્રષ્ટાચારવિરોધી આંદોલનને જે સમર્થન મળ્યું તેને કારણે ડઘાઇ ગયેલી યુપીએ સરકારે સંસદનું તાકીદનું સત્ર બોલાવીને જન લોકપાલ બિલ પાસ કરવું પડ્યું હતું. અન્ના હઝારેના આંદોલનનો ઉપયોગ કરીને દિલ્હીમાં આમ આદમી પાર્ટીની અને કેન્દ્રમાં ભાજપની સરકારો આવી હતી, પણ દેશમાં ભ્રષ્ટાચાર ઘટવાને બદલે વધ્યો હતો. અન્ના હઝારેના આંદોલનને જનતાનો પ્રચંડ ટેકો મળવા છતાં તેમનું આંદોલન નિષ્ફળ ગયું હતું, કારણ કે દેશમાં ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપતી ચૂંટણી પ્રથા જેમની તેમ છે. અન્ના હઝારે ભાજપના ભ્રષ્ટાચાર સામે જંગે ચડવાને બદલે રાલેગાંવ સિંધીમાં જઈને પોઢી ગયા છે, ત્યારે જંતરમંતરમાં એક બીજું આંદોલન ચાલી રહ્યું છે.

આ આંદોલનનો પ્રારંભ કરનારા કોક્રોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપકે જનસમર્થન મેળવવા માટે લડાખના સામાજિક કાર્યકર સોનમ વાંગચુકનો ઉપયોગ કરી રહ્યા છે, પણ અભિજીત દીપકે અરવિંદ કેજરીવાલ નથી અને સોનમ વાંગચુક અન્ના હઝારે નથી. સોનમ વાંગચુકની માગણી શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનને હટાવવા પૂરતી મર્યાદિત છે, પણ કેન્દ્ર સરકાર તેની નોંધ સુદ્ધાં લેતી નથી, કારણ કે કોક્રોચ જનતા પાર્ટીના ઇન્સ્ટાગ્રામ પર બે કરોડ સમર્થકો હોવા છતાં જમીન પર બે હજાર બંદાઓ ભૂખ હડતાળ પર પણ બેસવા તૈયાર નથી. આ બાજુ અનશન પર બેઠેલા સોનમ વાંગચુકની તબિયત દિનપ્રતિદિન કથળી રહી છે. કોક્રોચ જનતા પાર્ટીનું સમગ્ર ધ્યાન હવે ધર્મેન્દ્ર પ્રધાનને હટાવવા પર નહીં પણ સોનમ વાંગચુકને બચાવવા પર કેન્દ્રિત થયું છે. ધારો કે કેન્દ્ર સરકાર ધર્મેન્દ્ર પ્રધાનને રાજીનામું આપવાનું કહે તો પણ તેનાથી દેશની ભ્રષ્ટ રાજકીય વ્યવસ્થા કેવી રીતે સુધરી જશે, તેનો કોઈ જવાબ કોક્રોચ જનતા પાર્ટી પાસે નથી. કોક્રોચ જનતા પાર્ટી હવે આંદોલન સમાપ્ત કરવા માટેનું કોઈ ફેસ સેવિંગ બહાનું શોધી રહી છે. સોનમ વાંગચુકને પરાણે ખોરાક આપવા અને તેમનો જીવ બચાવવા હવે દિલ્હી હાઈ કોર્ટમાં અરજી કરવામાં આવી છે. હાઈ કોર્ટના આદેશને પગલે સોનમ વાંગચુક પારણું કરશે તો તેમની ઇજ્જત બચી જાશે.

**ટૂંક પોઇન્ટ**
▪ સંજય વોરા ▪

શિક્ષણવિદ્ સોનમ વાંગચુક છેલ્લા ૧૮ દિવસથી દિલ્હીના જંતર-મંતર ખાતે ભૂખ હડતાળ પર બેઠા છે. તેમની ભૂખ હડતાળ બળજબરીથી સમાપ્ત કરવા અને તેમને ખોરાક પૂરો પાડવા માટે હાઈ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે. કાર્યકર્તા અને વકીલ રાકેશ કુમાર સૈની દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું છે કે તેમનું વજન ૮.૫ કિલોગ્રામ ઘટી ગયું છે અને બે દિવસમાં તેમનું મૃત્યુ થઈ શકે છે. અરજીમાં કેન્દ્ર સરકાર અને દિલ્હી સરકારને યોગ્ય સૂચનાઓ આપવાની પણ માંગણી કરવામાં આવી છે, જેમાં સોનમ વાંગચુકને હોસ્પિટલમાં લઈ જવાની અને બળજબરીથી ખોરાક આપવાની માંગણી પણ કરવામાં આવી છે.

સોનમ વાંગચુકની બગડતી તબિયત વચ્ચે સમર્થનના અવાજો વધી રહ્યા છે. દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલે સોનમને તેમની ભૂખ હડતાળ સમાપ્ત કરવાની અપીલ કરી છે. કેજરીવાલે એવી પણ જાહેરાત કરી છે કે તેઓ ગુરુવારે સાંજે ૫ વાગ્યે દિલ્હીના જંતરમંતર ખાતે વિરોધ સ્થળ પર જઈને તેમને સમર્થન આપશે. જો આપણે ફિલ્મ ઉદ્યોગની વાત કરીએ તો ભારતીય સિનેમાના પ્રખ્યાત અભિનેતા પ્રકાશ રાજ કોક્રોચ જનતા પાર્ટી (CJP) ની શરૂઆતથી જ તેને સમર્થન આપી રહ્યા છે. તેમણે બેંગલુરુમાં CJP વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો અને ગયા શનિવારે પણ તેઓ જંતરમંતર પહોંચ્યા હતા અને સોનમ વાંગચુકને મળ્યા હતા. ગયા શુક્રવારે પંજાબી ગાયક કાકા પણ વિરોધ સ્થળ પર પહોંચ્યા હતા અને પ્રદર્શનને પોતાનો ટેકો વ્યક્ત કર્યો હતો. રિયાલિટી શો રોડીઝના હોસ્ટ રઘુ રામ પણ ૭ જુલાઈના રોજ વિરોધમાં જોડાયા હતા. જો કે, આ બધાને કારણે સરકારના પેટનું પાણી પણ હલ્યું નથી.

અગાઉ લેખિકા અરુંધતી રોય, અભિનેતા નસીરુદ્દીન શાહ અને રત્ના પાઠક શાહ અને અર્થશાસ્ત્રી જયતિ ઘોષે વાંગચુકની માંગણીઓને ટેકો આપ્યો હતો અને તેમને ભૂખ હડતાળ સમાપ્ત કરવાની વિનંતી કરી હતી. કોક્રોચ જનતા પાર્ટી પાસે સલાહકારો નથી, જેને કારણે હવે આઇટેમ ગર્લ રાખી સાવંત તેમને સલાહ આપવા મેદાને પડી છે. રાખી સાવંત ઘણી વાર કેટલાક મુદ્દા પર ખુલીને બોલે છે, પછી ભલે તે સેલિબ્રિટી વિશે હોય, રાજકારણીઓ વિશે હોય કે દેશ વિશે હોય. તેણીએ તાજેતરમાં સોનમ વાંગચુકની ભૂખ હડતાળ વિશે કહ્યું હતું કે સોનમ વાંગચુકને નકામા લોકો માટે પોતાના જીવનું બલિદાન આપવાની જરૂર નથી. રાખી સાવંતનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં તે કાર્યકર્તા સોનમ વાંગચુક વિશે વાત કરતાં કહે છે કે સોનમ જી, હું તમને વિનંતી કરું છું કે આ નકામા લોકો માટે તમારા જીવનનું બલિદાન ન આપો. તમારું જીવન ખૂબ જ કિંમતી છે. રાખીએ આગળ કહ્યું કે હું જંતરમંતર જઈશ અને મારા પોતાના હાથે તેમનો ઉપવાસ તોડીશ. હું તેમને લીંબુનું પાણી અને કેરીનો રસ પીવડાવીશ. ઘણા વિપક્ષી નેતાઓએ પણ સોનમ વાંગચુકના મુદ્દાઓને ટેકો આપ્યો છે અને તેમને ભૂખ હડતાળ સમાપ્ત કરવા વિનંતી કરી છે.

સોનમ વાંગચુક લદ્દાખના ઠંડા રણ પ્રદેશના રહેવાસી છે. તેમણે પોતાનું જીવન ગરીબ બાળકોના શિક્ષણમાં સુધારો કરવા માટે સમર્પિત કર્યું છે. ૧૯૮૮ માં તેમણે અને તેમના સાથીઓએ સ્ટુડન્ટ્સ એજ્યુકેશનલ એન્ડ કલ્ચરલ મૂવમેન્ટ ઓફ લદ્દાખ (SECMOL) શરૂ કર્યું. આ પહેલ એવા વિદ્યાર્થીઓને મદદ કરવા માટે બનાવવામાં આવી હતી જેમને હાલની શિક્ષણ પ્રણાલી દ્વારા ઘણી વાર નિષ્ફળ માનવામાં આવતા હતા. આ ચળવળ ભારતના રાષ્ટ્રવ્યાપી સર્વ શિક્ષા અભિયાનના લગભગ એક દાયકા પહેલાં શરૂ થઈ હતી. SECMOL સાથે સંકળાયેલા ઘણા વિદ્યાર્થીઓ પાછળથી વૈજ્ઞાનિકો અને વ્યાવસાયિકો બન્યા હતા. આ પહેલથી સાબિત થયું કે જ્યારે શિક્ષણ ફક્ત પરીક્ષાનાં પરિણામોને બદલે વિદ્યાર્થીઓની ક્ષમતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે, ત્યારે તેઓ મોટી સફળતા મેળવી શકે છે. જો તમે બોલીવુડ ફિલ્મ થ્રી ઇડિયટ્સ જોઈ હોય, તો તમને યાદ હશે કે અભિનેતા આમિર ખાન ફુનસુખ વાંગડુનું યાદગાર પાત્ર ભજવતો હતો. આ પાત્રને વિશ્વભરનાં દર્શકોએ ખૂબ પસંદ કર્યું હતું; પરંતુ કદાચ ઘણાં લોકો જાણતાં નથી કે આ પાત્ર વાસ્તવિક જીવનના શિક્ષક અને આંદોલનવાદી સોનમ વાંગચુકથી પ્રેરિત હતું.

સોનમ વાંગચુક આંદોલનો કરવાના અનુભવી છે. અગાઉ તેઓ લદ્દાખને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાની માંગણી સાથે ભૂખ હડતાળ પર ઊતર્યા હતા. તેમના ઉપવાસ દરમિયાન, ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ લેહમાં હિંસા ફાટી નીકળી હતી, જેમાં ચાર લોકોનાં મોત થયાં હતાં અને ૯૦ લોકો ઘાયલ થયાં હતાં. સરકારે સોનમ વાંગચુક પર હિંસા ભડકાવવાનો આરોપ લગાવ્યો હતો. બે દિવસ પછી, ૨૬ સપ્ટેમ્બરના રોજ, તેમને રાષ્ટ્રીય સુરક્ષા કાયદા (NSA) હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યા અને જોધપુર જેલમાં મોકલવામાં આવ્યા હતા. સોનમ વાંગચુકે જોધપુર જેલમાં ૧૭૦ દિવસ વિતાવ્યા હતા. ત્યાર બાદ ભારતના ગૃહ મંત્રાલયે જાહેરાત કરી હતી કે વિગતવાર ચર્ચા પછી વાંગચુકની અટકાયત તાત્કાલિક અસરથી સમાપ્ત કરવામાં આવી રહી છે. જેલમાંથી મુક્તિ પછી પત્રકારો સાથે વાત કરતાં સોનમ વાંગચુકે કહ્યું કે સરકારે રચનાત્મક અને અર્થપૂર્ણ વાતચીતની ઓફર કરી છે, જે અમે શરૂઆતથી જ ઇચ્છતા હતા. જો કોક્રોચ જનતા પાર્ટીના કિસ્સામાં સરકાર વાટાઘાટો માટે તૈયાર હોત તો વાંગચુકે અનશન જ ન કરવા પડત.

અન્ના હઝારેના આંદોલનની નકલ કરવા જતાં કોક્રોચ જનતા પાર્ટી અને સોનમ વાંગચુક સપડાઈ ગયા છે. અન્ના હઝારેના આંદોલનને જોરદાર ટેકો મળ્યો હતો, કારણ કે તેમાં પડદા પાછળ ભાજપના અને આરએસએસના કાર્યકરો ગોઠવાઈ ગયા હતા, જેઓ યુપીએ સરકારને બદનામ કરીને સત્તામાં આવવા માગતા હતા. કેન્દ્રમાં ભાજપની સરકાર આવી ગઈ તે પછી તેમણે અન્ના હઝારેને પડતા મૂકી દીધા હતા. કોક્રોચ જનતા પાર્ટીના આંદોલનમાં કંઈ દમ નથી, માટે કોંગ્રેસ પણ તેને ટેકો આપવા તૈયાર નથી. આ આંદોલન ટૂંક સમયમાં સમેટાઈ જવાનું છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**સોનમ વાંગચુકનો જીવ બચાવવા હવે દિલ્હી હાઈ કોર્ટમાં અરજી કરવામાં આવી છે. હાઈ કોર્ટના આદેશને પગલે સોનમ વાંગચુક પારણું કરશે તો તેમની ઇજ્જત બચી જાશે**

## BUSINESS મિત્ર

### બ્રોડર માર્કેટમાં મજબૂતાઇના પગલે રોકાણકારોએ રૂ. બે લાખ કરોડની કમાણી કરી

# બેઉતરફી વધઘટે શેરબજાર સુધારા સાથે બંધ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 15:** વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલની સાથે સેન્સેક્સની વીકલી એક્સપાયરીના પુર્વે બજાર પાછું ફર્યુ હતું, જેમાં નજીવા સુધારા સાથે ખુલ્યા બાદ સતત સુધારાની ચાલ જોવા મળી હતી, પરંતુ છેલ્લા સેશન દરમ્યાન બજારમાં ફરીથી નફાવસુલી જોવા મળી હતી, જેના લીધે સેન્સેક્સ અને નિફ્ટી ધીમા સુધારા સાથે બંધ રહ્યા હતા. આમ છતાં, રોકાણકારોને રૂ. બે લાખ કરોડની કમાણી થઈ હતી.

અમેરિકામાં રિટેલ ફુગાવો અપેક્ષિત વધારાના કારણે વૈશ્વિક બજારમાં ખળભળાટ મચ્યો હતો, આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24200ને પાર નીકળી હતી, જ્યારે સેન્સેક્સમાં 550 પોઈન્ટનો ઉછાળો જોવાયો હતો. બ્રોડર માર્કેટમાં પણ સુધારાની ચાલ રહી હતી, પરંતુ છેલ્લે ઉપલા સ્તરેથી નફાવસુલી રહી હતી.

સેકટર વાઈઝ જોઈએ તો આજે મેટલ અને આઈટી સેકટરમાં દબાણ લાવવાનો પ્રયાસ હતો. નિફ્ટી મેટલ ઈન્ડેક્સ એક ટકા અને નિફ્ટી આઈટી ઈન્ડેક્સ અડધા ટકાનો ઘટાડો જોવાયો હતો. બીજી તરફ, પીએસયુ બેન્કમાં લેવાલી રહી હતી અને પીએસયુ બેન્ક ઈન્ડેક્સ એક ટકા વધ્યો હતો. આમ, શેરબજારમાં મિશ્ર વલણ વચ્ચે રોકાણકારોની સંપત્તિમાં રૂ. બે લાખ કરોડનો વધારો થયો હતો.

પ્રાયમરી બજારમાં એસબીઆઇ ફંડસ મેનેજમેન્ટ આઈપીઓએ બીડીંગના બીજા દિવસે 200 ટકાથી વધુ છલકાયો હતો, જે રોકાણકારોની શેરબજારમાં રૂચિ દર્શાવે છે. આમ છતાં, આવનારા દિવસોમાં રોકાણકારો યુએસ-ઈરાન સંઘર્ષના વધુ વિકાસ, ક્રુડ ઓઈલના ભાવમાં હિલચાલ, પ્રથમ કવાર્ટરની કમાણી, કોર્પોરેટ બિઝનેસ અપડેટ અને ચોમાસાની પ્રગતિ ઉપર ફોકસ રાખશે.

બીએસઇ સેન્સેક્સ 130.49 પોઈન્ટ એટલે કે 0.17 ટકા વધીને 77185.43 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 77646 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76982 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 26.45 પોઈન્ટ એટલે કે 0.11 ટકા વધીને 24078.50 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24220 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામા 24010 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 295.55 પોઈન્ટ એટલે કે 0.51 ટકા વધીને 57757.85 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે રામકૃષ્ણ ફોર્જીંગ્સમાં 16.99 ગણા, સીગ્નેચર ગ્લોબલ ઈન્ડિયામાં 13.43 ગણા, નુવોકો વિસ્ટાસમાં 8.16 ગણા, પંતજલી ફુડસમાં 5.89 ગણા અને એલ એન્ડ ટટી ટેકનોમાં 5.39 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે પંતજલી ફુડસમાં 31.5 ગણા, નુવોકો વિસ્ટાસમાં 16.64 ગણા, એલ એન્ડ ટી ટેકનોમાં 12.82 ગણા, સીગ્નેચર ગ્લોબલમાં 10.01 ગણા અને આરતી ઈન્ડ.માં 5.78 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુધારો જોવાયો હતો. જેને લાર્જકેપ શેરો કરતા સારૂ પ્રદર્શન કર્યુ હતું. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.55 ટક અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.69 ટકા વધ્યો છે. જ્યારે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યું હતું. બીએસઇ ખાતે 2317 શેરોમાં વધારો થયો હતો, જ્યારે 1957 શેરો ઘટ્યા હતા. અને 175 શેરો યથાવત રહ્યા હતા.

કોમોડીટીઝ માર્કેટમાં સપ્ટેમ્બર વાયદો બ્રેન્ટ ક્રુડ 69 સેન્ટ વધીને 85.42 ડોલર પ્રતિ બેરલ બોલાયો હતો.

નિફ્ટી પીએસયુ બેન્ક ઈન્ડેક્સ 0.97 ટકા વધ્યો હતો. જેમાં બેન્ક ઓફ ઈન્ડિયા, સેન્ટ્રલ બેન્ક, સ્ટેટ બેન્ક, યુનિયન બેન્ક, બેન્ક ઓફ મહારાષ્ટ્ર, બેન્ક ઓફ બરોડા, પંજાબ નેશનલ બેન્ક, કેનેરા બેન્ક, યુકો બેન્ક અને ઈન્ડિયન ઓવરસીઝ બેન્ક વધ્યા હતા. વૈશ્વિક સ્તરે ડાઉ ફયુચર સુધારા સાથે ચાલી રહ્યો હોવાથી આજે અમેરિકન બજારો પોઝિટિવ ખુલવાના સંકેત આપી રહ્યા છે. ઈરાન પર ચાલી રહેલા તણાવના કારણે યુરોપિયન બજારોમાં ઘટાડો થયો હતો. જ્યારે મોટા ભાગના એશિયન બજારો પોઝિટિવ બંધ રહ્યા હતા. યુએસ એ હોર્મુઝ પરના 20 ટકાના ટ્રાન્ઝીટ ફીને રદબાતલ કરી દીધી છે. આ દરમ્યાન બીજા કવાર્ટરમાં ચીનની અર્થવ્યવસ્થા 2022ના ચોથા કવાર્ટર પછીની સૌથી નબળી ગતિએ વિસ્તરી છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.05 ટકા, ડેક્સ 0.53 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે.

### ડોલરમાં સુધારો આગળ વધ્યો

અમેરિકા-ઇરાન તણાવના લીધે ક્રુડની કિંમતો વધઘટે વધતી જતી હોવાથી ડોલરમાં મજબૂતાઇ જોવા મળી રહી છે. આજે કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 5 પૈસા ઘટીને 96.26ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 96.21ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.37, પાઉન્ડ 128.33, કેનેડિયન ડોલર 68.26, ઓસ્ટ્રેલિયન ડોલર 67.37, જાપાનીઝ યેન 0.5928 અને સીંગાપોર ડોલર 75.61ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 96.26 રૂ. |
| યુરો | 109.37 રૂ. |
| પાઉન્ડ | 128.33 રૂ. |
| યેન | 0.5928 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 130.49 | 77185.43 |
| નિફ્ટી | 26.45 | 24078.50 |
| બેન્ક નિફ્ટી | 295.55 | 57757.85 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 3.02 | 294.80 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 2.75 | 11812.00 |
| HDFC લાઇફ | 2.44 | 568.75 |
| શ્રીરામ ફાઇનાન્સ | 1.96 | 1033.80 |
| આઇશર મોટર | 1.72 | 7404.50 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| પાવરગ્રીડ | 1.90 | 280.70 |
| હિન્ડાલ્કો | 1.90 | 955.80 |
| લાર્સન-ટુબ્રો | 1.68 | 3783.90 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 1.67 | 1226.90 |
| ટાટા સ્ટીલ | 1.60 | 185.26 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇટર્નલ | 3.08 | 294.75 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 2.77 | 11810.35 |
| એસબીઆઇ | 1.50 | 1030.05 |
| બજાજ ફાઇનાન્સ | 1.49 | 1021.50 |
| ઇન્ટરગ્લોબ | 1.09 | 5166.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| પાવરગ્રીડ | 1.73 | 280.90 |
| લાર્સન-ટુબ્રો | 1.69 | 3783.90 |
| ટાટા સ્ટીલ | 1.65 | 185.25 |
| ઇન્ફોસીસ | 1.41 | 1076.40 |
| એનટીપીસી | 1.12 | 344.15 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ્રફુલ/સાલાસર/કેપલોન રૂા. | | ૭૫/૩૬ '' | ૧૩૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૩ | ૫૦/૩૬ '' | ૧૪૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૯.૨૫ |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | ગાર્ડન | |
| લોકલ | | RIL રિલાયન્સ | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૬ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૩૮.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૩૪.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૪૧ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૪.૫ | વેલનોન (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૯.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૫.૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ | ૭૫ ક્રિમ્પ | ૧૩૮.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૯.૨૫ | ૮૦ ક્રિમ્પ | ૧૩૬ |
| ૮૦/૭૨ રોટો. | ૧૩૮.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૪૯.૨૫ | ૮૦/૭૨ રોટો | ૧૪૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૩૭.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૪ | ૮૦/૧૦૮ '' | ૧૪૧.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૩૯ |

**તેલ બજાર સુરત**

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર**

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૬૦૦ |
| એમ-30 | ૪૫૫૦ |
| એસ-30 | ૪૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૪૫૦ |
| એસ-30 | ૪૩૫૦ |

**સોના-ચાંદી સુરત**

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૭૦૮૦ |
| તેજાબી સોનું | ૧૪૬૯૯૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૯૭૩૦ |
| દાગીના-બીઆઇએસ હોલમાર્ક | ૧૪૪૧૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૭૦૮૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૭૮૫૦ |
| ચાંદી સિક્કા | ૨૨૯૩૫૦ |

### પાકિસ્તાની ઇસ્લામિક વિદ્વાનના ફતવા બાદ મુસ્લિમ દેશોમાં ક્રિપ્ટો વેચવાની હોડ

# એક ફતવો અને ક્રિપ્ટો માર્કેટ ધડામ: રોકાણકારોને રૂ. ૧૨૨ લાખ કરોડનો ફટકો!

**પાકિસ્તાન**, યુએઇ અને ભારતના કેટલાક મુસ્લિમ રોકાણકારોએ ક્રિપ્ટો હોલ્ડીંગ્સ વેચવાનું શરૂ કર્યુ

**બિટકોઇન** અને ઇથેરિયમમાં મોટું ગાબડું

નવી દિલ્હી, તા. 15: ક્રિપ્ટો કરન્સી બજારમાં ફરી એકવાર ખળભળાટ મચી ગયો છે. જોકે, આ વખતે કારણ કોઈ સરકારી પોલિસી, કોઈ ટેક્સ કે હેકીંગ નથી, પણ આ વખતે એક પાકિસ્તાનના અગ્રણી ઈસ્લામિક વિદ્વાનના ફતવાના કારણે હંગામો મચી ગયો છે. આ ફતવા બાદ પાકિસ્તાન, યુએઈ અને ભારતના કેટલાક મુસ્લિમ રોકાણકારોએ તેમની ક્રિપ્ટો હોલ્ડીંગ્સ વેચવાનું શરૂ કર્યુ હતું. જોકે, આ ક્ષણે તેની અસર મર્યાદિત લાગે છે. પણ જો અન્ય ઈસ્લામિક દેશોમાં આ પ્રકારનો અભિપ્રાય રચાય છે તો આગામી દિવસોમા ક્રિપ્ટો કરન્સીમાં અસ્થિરતા વધી શકે છે.

બજારના નિષ્ણાતોનું કહેવું છે કે, આ હાલ પેનિક સેલ ઓફ છે. જોકે, તેની અસર લાંબા સયમની રહેશે કે નહીં તે કહેવું ખુબ જ વહેલું છે.

ગત અઠવાડિયે પાકિસ્તાનના જાણીતા ઈસ્લામિક વિદ્વાન મુફ્તી મહમંદ તકી ઉસ્મીનીએ એક ફતવો બહાર પાડ્યો હતો અને તેમાં ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ ન કરવાની વાત કરી હતી.

છેલ્લા ચોવીસ કલાકમાં ક્રિપ્ટો કરન્સી બજારમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. બિટકોઈન, ઈથેરિયમ, બિનાન્સ અને ડોગકોઈન સહિતના વિશ્વના મુખ્ય ક્રિપ્ટોમાં ઘટાડો થયો હતો. કોઈન માર્કેટ કેપ અનુસાર બપોરના 2.30 કલાક સુધીમાં ક્રિપ્ટો કરન્સી માર્કેટ કેપ 3.60 ટકાથી વધુનો ઘટાડો થયો હતો. આ ઘટાડા સાથે છેલ્લા ચોવીસ કલાકમાં તેનું માર્કેટ કેપ 3.73 ટ્રિલિયન ડોલરથી ઘટીને 3.59 ટ્રિલિયન ડોલર થઈ ગયુ છે. એટલે કે છેલ્લા ચોવીસ કલાકમાં ક્રિપ્ટો રોકાણકારોને 0.14 ટ્રિલિયન ડોલર એટલે કે 122.43 લાખ કરોડ રૂપિયાનું નુકશાન થયું છે.

આપણે બિટકોઈનની વાત કરીએ તો આવિશ્વની સૌથી મોંઘી ક્રિપ્ટોકરન્સીમાં છેલ્લા 24 કલાકમાં 3 ટકાથી વધુનો ઘટાડો થયો છે. સપ્તાહના અંતમાં બિટકોઈન 1.11 લાખ ડોલર પર પહોંચી ગયું હતું. પરંતુ સોમવારે બપોરે લગભગ 2:30 વાગ્યે તે 1,07,759 ડોલર પર કારોબાર કરી રહ્યો હતો. તે જ સમયે, વિશ્વની બીજી સૌથી મોંઘી ક્રિપ્ટો ઈથેરિયમ છેલ્લા 24 કલાકમાં 4 ટકાથી વધુ ઘટી ગઈ છે. રિપલ, બિનાન્સ, સોલાના, ડોગેકોઈન વગેરેમાં પણ 6 ટકાથી વધુનો ઘટાડો થયો છે. ગયા અઠવાડિયે ઈથેરિયમ 11.58 ટકા ઘટ્યો હતો, જ્યારે બિટકોઈન સમાન સમયગાળામાં 6.59 ટકા ઘટ્યો હતો. છેલ્લા અઠવાડિયામાં અલ્ટકોઈન્સમાં 16 ટકાથી વધુનો ઘટાડો થયો છે.

# ટુ-વ્હીલરમાં મોટરસાયકલને બદલે સ્કૂટરનું વેચાણ વધ્યું

**કાર** માર્કેટમાં લોકોની પસંદ SUV

મુંબઈ, તા. 15: કાર માર્કેટમાં SUVએ પોતાની પકડ બનાવી છે, જ્યારે ટુ-વ્હીલરમાં મોટરસાયકલને બદલે સ્કૂટરનું વેચાણ વધ્યું છે. નાણાકીય વર્ષ 27 ના પહેલા ક્વાર્ટરમાં ઓટો વેચાણ 21.4 ટકા વધીને 73,81,656 થયું, જેમાં, અગાઉ 60,78,949 વેચાણ નોંધાયું હતું, જ્યારે કુલ પેસેન્જર વાહનોનું વેચાણ 25.9 ટકા વધીને 12,73,811 યુનિટ થયું છે.

સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ (SIAM) દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, નાણાકીય વર્ષ 2027ના એપ્રિલથી જૂન ક્વાર્ટરમાં ભારતીય ગ્રાહકોએ મોટરસાયકલ કરતાં વધુ સ્કૂટર ખરીદ્યા છે.

30 જૂન, 2026ના રોજ પૂરા થયેલા ક્વાર્ટરમાં ભારતમાં સ્કૂટરનું વેચાણ 30.8 ટકા વધીને 21,78,858 યુનિટ થયું છે જે પાછલા વર્ષના સમાન સમયગાળામાં 16,65,180 યુનિટ હતું. તેની સરખામણીએ, નાણાકીય વર્ષ 27ના પ્રથમ ક્વાર્ટરમાં મોટરસાયકલનું વેચાણ ફક્ત 14 ટકા વધીને 33,08,847 યુનિટ થયું છે જે ગયા વર્ષના સમાન સમયગાળામાં 29,03,449 યુનિટ હતું.